વસાહત મંડળ સેક્ટર-૮ના તેજસ્વી તારલાઓનો ૨૪મીએ સન્માન સમારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર વસાહત મંડળ સેક્ટર-૮ના પ્રમુખ રમણભાઈ મકવાણાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વસાહત મંડળ સેક્ટર-૮ના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ અને સન્માન સમારંભ તા. ૨૪મી ઓક્ટોબર-૨૦૧૨ને દશેરાના દિવસે યોજાશે.

વસાહત મંડળના જે વિદ્યાર્થીઓએ ૭૫ ટકા ઉપરાંત માર્કસ મેળવ્યા છે તેમને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. ધો. ૧ થી ૯ના વિદ્યાર્થીઓનો આ સન્માન સમારંભ સેક્ટર-૮ના બગીચાના પટાંગણમાં, મુખ્ય શોપીંગ સેન્ટર સામે, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ થી ૧ વાગ્યા સુધી યોજાશે. આ પ્રસંગે પ્રમુખ સ્થાને ગાંધીનગર મધુર ડેરીના પ્રમુખ શંકરસિંહ રાણા, મેયર મહેન્દ્રસિંહ રાણા, ડૉ. સી.જે. ચાવડા, નિસિત વ્યાસ, કૃષ્ણકાન્ત જ્હા, ઈન્દ્ર વિજયસિંહ ગોહેલ, જયદિપસિંહ ઠાકોર, સેંધાજી ઠાકોર, અજીત પરમાર, હસમુખ મકવાણા, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા અને ભુપતભાઈ કામ્બલીયા ખાસ ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સન્માનશે.

અર્બન બેંકની નવી ઓફિસનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકની રજિસ્ટર્ડ હેડ ઓફીસ બી-૧૫, ડીસ્ટ્રીક શોપીંગમાંથી શીફ્ટ કરી સી. ૭/૮, અપના બજાર સેક્ટર-૨૧ ખાતે લઈ જવામાં આવી, બેંકના પૂર્વ ચેરમેન અને શહેરના સેવાભાવી એવા શ્રી ગજેન્દ્ર એન. ખારોડ સાહેબ તથા શ્રી સમસ્વરૂપદાસજી મહારાજના વરદ્‌હસ્તે નવી ઓફીસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં બેંકના સભાસદો/ખાતેદારો ઉપસ્થિત રહેલા. હવેથી બેંક નવા સરનામે કાર્યરત રહેશે તેવી બેંકના મેનેજર અખબારી યાદીમાં જણાવે છે.

સેક્ટરોના બગીચાઓમાં મેટલ હેલાઈડ લાઈટનો પ્રકાશ પથરાશે

તમામ બગીચાઓમાં લાઈટ મુકવા આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરના ઉદ્યાનોમાંથી અંધારૂ ઉલેચવા મેટલ હેલાઈડ લાઈટ મુકવા વિચારણા હાથ ધરવામાં આવી છે. સેક્ટરોમાં સ્થિત બગીચામાં સોલાર લાઈટનો પ્રોજેક્ટ ચોરીના ઉપદ્રવના લીધે નિષ્ફળ જતા ઉદ્યાનોમાં રાત્રીના અંધારામાં દૂષણ પાંગરતા હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. જેને અનુલક્ષી પાટનગર યોજનાના વિદ્યુત વિભાગ દ્વારા આ મામલે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

નગરના ઉદ્યાનો જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. સ્ટાફ અને સાધનોના અભાવ વચ્ચે બાગાયત તંત્રની હાલત જ ઉદ્યાનો જેવી હોવાનો છાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં હરિયાળી ગુમાવતા સેક્ટરોના ઉદ્યાનમાં લાઈટની પર્યાપ્ત સુવિધાના અભાવે રાત્રીના સમયે અંધારપટ છવાઈ જાય છે. અગાઉના સમયમાં બગીચાઓમાં સોલાર લાઈટની ઝળહળા કરવાના પ્રાયોગિક અમલીકરણના કડવા અનુભવ બાદ તંત્ર કક્ષાએ હવે નવતર પ્રયાસોથી વિચારાયું છે. સોલાર લાઈટની બેટરી ચોરાઈ જતા હવે તંત્રકક્ષાએથી મેટલ હેલાઈડ લાઈટ મુકવાનું આયોજન હાથ ધરાયું છે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર સરિતાઉદ્યાન ખાતે રૂ. ૪ લાખના ખર્ચે આ પ્રકારની લાઈટ મુકવામાં આવનાર છે. જેની સાથે સેક્ટરોમાં આવેલ તમામ બગીચામાં પણ રાત્રીના સમયે યોગ્ય અજવાળુ પથરાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. આ કામગીરી પાછળ રૂ. ૫૦ લાખથી વધુ ખર્ચ થાય તેમ છે. તંત્ર દ્વારા આ અંગેની દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી આપવામાં આવી છે.

ગાંધીનગર સેક્ટર-૭/સી/ન્યુ પ્લોટીંગના રહીશોની તુલસી હાઉસ અને ડોક્ટર હાઉસ સામે નારાજગી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સેક્ટર-૭-સીના ન્યુ પ્લોટીંગના રહીશો દ્વારા સેક્ટર-૭, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડીના પાછળના ભાગે, મુખ્ય શોપીંગ સેન્ટર સામે, ગાંધીનગર ખાતે સરકાર દ્વારા વર્ષ-૨૦૦૮માં ૯૦ ચો.મી. તથા ૧૩૫ ચો.મી.ના રહેણાંક માટેના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જ્યાં હવે અનધિકૃત રીતે દુકાનો અને ડોક્ટર હાઉસ બનતા સ્થાનિક જનોએ નારાજગી વ્યક્ત કરી છે.

સરકાર દ્વારા ફાળવેલા ૯૦ ચો.મી.ના પ્લોટમાં મો. નં. ૧૧૩/૧માં તુલસી હાઉસના નામે અનધિકૃત ૮ દુકાનોનું બાંધકામ તથા ૧૩૫ ચો.મી.ના રહેણાંકના પ્લોટ નં. ૧૭૨/૨ અને પ્લોટ નં. ૧૬૯/૧ બંને ભેગા કરીને અનધિકૃત બાંધવામાં આવેલા 'ડોક્ટરહાઉસ' તોડવા તથા સીલ કરવા માલિક સામે કડક પગલા ભરી કાર્યવાહી કરવા સેક્ટર-૭-સી-ન્યુ પ્લોટીંગના રહીશોએ અપીલ કરી છે.

જી.આઈ.પી.એસ.ના વિદ્યાર્થીઓની કૃતિએ એસ.વી. એસ. કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનશેલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની કૃતિ ગણિત, વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૨માં એસવીએસ કક્ષાએ પ્રથમ નંબરે વિજેતા બની હતી. શાળા પરિવારે વિદ્યાર્થીઓની અને શિક્ષકોની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર માર્ગદર્શન હેઠળ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર તથા (ડિ.ઈ.ઓ.) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા-પીપળજ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. પ્રદર્શનમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ધોરણ-૯, ૧૦ અને સી.આઈ.ઈ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગણિત પ્રદર્શનમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પટેલ કિશન એસ. દેસાઈ ભવ્ય પી.એ ધોરણ-૧૦ના નવા અભ્યાસક્રમમાં રસ દાખવે અને ગણિત પ્રત્યેનો અભિગમ વિસ્તરે તે માટે 'દ્વિઘાત સમીકરણનો ઉકેલ' માટેનું મોડેલ બનાવી પ્રથમ ક્રમે સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં જઈ રહેલ બાળ ગણિતશાસ્ત્રીઓને શાળાના ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી અને અરવિંદભાઈ શાહે શુભકામનાઓ અને શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. તા. ૧૬, ૧૭ ઓક્ટોબર-૨૦૧૨ સુજલામ સંકુલમાં આંતરરાષ્ટ્રીય ગણિત વર્ષ-૨૦૧૨ ઉજવાય છે ત્યારે યજમાન સ્કૂલ મહર્ષિ અત્રે માધ્યમિક શાળાએ દરેક ભાગ લેનાર સ્કૂલને ટ્રોફી આપી સન્માનિત કરી ગણિત વર્ષની યાદ રૂપે મોમેન્ટો અર્પિત કર્યા હતા. જી.આઈ. પી.એસ.એ યજમાન શાળાનો પણ આભાર વ્યક્ત કર્યો છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૫ ઓક્ટોબર-૨૦૧૨ને રોજ બપોરે ૧ વાગે ગાયત્રી મંદિર સેક્ટર-૧ ખાતે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તો નગરની બહેનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લેવા સંસ્થાના સેક્રેટરી કુ. ચેતના બુચે અનુરોધ કર્યો છે.

રકનપુરમાં દાઝી જવાથી ૨ વર્ષના બાળકનું મૃત્યુ

કલોલ, તા. ૨૧

કલોલના રકનપુર ગામે પંચાયત નજીકના મકાનમાં રહેતા સંજીવભાઈ બહાદુરભાઈ ઠાકોરનું ૨ વર્ષનું બાળક અંકિત ગઈ કાલે પોતાના ઘરે કોઈ રીતે શરીરે દાઝી ગયું હતું. ગંભીર રીતે દાઝી ગયેલા બાળક અંકીતનું દાઝી જવાથી કરૂણ મૃત્યુ નિપજયું હતું. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે.

મોઢવાડીયાની મતી મારી ગઈ છે : વાણી-વિલાસના રોગમાં સપડાયેલા છે : ભાજપ

અમદાવાદ, તા. ૨૧

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ કોંગ્રેસના વાણી-વિલાસના રોગમાં સપડાયેલા અર્જુન મોઢીવાડીયાને આડે હાથ લેતા જણાવ્યું છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ મતી મારી ગઈ છે તે મોઢવાડીયા ગુજરાતની રાજનીતિમાં ક્યાંય દેખાવાના નથી.

ગુજરાતની રાજનીતિને કલુષિત કરવાના તેમના ક્ષેત્રના કારસાની પોલ રોજ ખુલ્લી પડી રહી છે. કોંગ્રેસ પાર્ટીના ૧,૮૬,૦૦૦ કરોડના કોલસાના કૌભાંડને મોઢવાડીયા ભુલાવી શકશે નહીં. તુજી સ્પેક્ટ્રમના ૧,૭૬,૦૦૦ કરોડના કૌભાંડને અને કોમનવેલ્થ ગેમ્સના કલમાડી કૌભાંડ, આદર્શ હાઉસીંગ કૌભાંડને ભુલાવાના અને ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસ પ્રમુખના પ્રયાસો સફળ થવાના નથી અને પ્રજા તેનો વીણી વીણીને બદલો આપવાની છે તે ધ્યાનમાં રાખે.

તેઓએ જણાવ્યું છે કે ચૂંટણી પંચ તરફથી આચારસંહિતાના કડક અમલ અન્વયે વેપારીઓ પર જે અતિરેક કરાઈ રહ્યો છે તેની સામે કડક રજૂઆતને બદલે મોઢવાડીયા ભાજપાના કાર્યકરો અને આગેવાનો તરફ ચૂંટણીપંચને વધારે કડકાઈ કરવાની સલાહ આપી પોતાનું અજ્ઞાન પ્રકાશિત કરી રહ્યા છે. ગુજરાતના સામાન્ય વેપારીવર્ગનું હિત તમારા મનમાં કેસ વસતું નથી? ભાજપાના શાસનમાં ગુજરાતમાં થયેલી ઔદ્યોગિક પ્રગતિ તમને કેમ ખૂંચે છે? ગુજરાતનો પ્રજાજન આર્થિક રીતે સદ્ધર બન્યો છે તેની તમને કેમ પીડા થઈ રહી છે? શું ગુજરાતને તમારે અવિકસીત અને નર્કાગારની સ્થિતિમાં ધકેલવું છે? શું ગુજરાતના રોડ રસ્તાની પ્રગતિનો લાભ તમે લેતા નથી.

ભાજપમાં લાંબી લાઈન..● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે સવારથી જ નિરીક્ષકોએ રજુઆતો સાંભળવાનો સિલસિલો આરંભ્યો હતો. નિરીક્ષકોએ રજઆતકર્તાને સંગઠનની સ્થિતિ, સંગઠનમાં તેમની સક્રિયતા, તેમના વિજયની શક્યતાઓના ગણિત, ટિકિટ શા માટે તેવા પ્રશ્નો પુછ્યા હતા.

મળતી વિગતો મુજબ સંગઠનના આગેવાનો સાથે પણ નિરીક્ષકોએ બેઠક કરી હતી અને જિલ્લાની રાજકીય સ્થિતિનો તાગ મેળવ્યો હતો. સંગઠનને વધુ અસરકારક બનાવવા માટે અને ચૂંટણી પ્રક્રિયામાં સંગઠનની સક્રિયતા વિશેની વિગતો પણ નિરીક્ષકોએ મેળવી હતી.

મળતી વિગતો પ્રમાણે નિરીક્ષકોએ આજે ઉમેદવારોની રજુઆતો સાંભળવાની શરૂઆત કરી તે પૂર્વે ઘણી બધી કવાયત કરી હતી એટલુ જ નહિ તેમણે સંગઠનની પણ ઘણી બધી બાબતો અંગેની વિગતો મેળવી હતી.

જિલ્લાની પાંચેય બેઠકો આમ તો પ્રદેશ નેતાગીરીએ 'સી' કેટેગરીમાં મુકેલી છે પણ બદલાયેલા સમીકરણો અને પક્ષના કાર્યક્રમોની વણઝાર બાદ બદલાયેલી સ્થિતિને ધ્યાને રાખી નિરીક્ષકો હવે તેમનો અહેવાલ આ માસના અંત સુધીમાં તૈયાર કરી અને પ્રદેશ સમિતિને સુચન કરી દેશે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નિરીક્ષકો ઉમેદવારોની પેનલ તૈયાર કરશે એટલુ જ નહિ પસંદગી અંગે પક્ષના માપદંડોને પણ ધ્યાને લઈ બેઠકની સ્થિતિના વિશ્લેષણ સાથે પોતાનો અહેવાલ પ્રદેશને સુપ્રત કરશે.

આજે આખો દિવસ આ રજુઆતોનો સિલસિલો ચાલ્યો હતો. હાલ જિલ્લામાંની ચાર બેઠકો પૈકી બે બેઠકો દહેગામ અને ગાંધીનગર ભાજપ પાસે છે. આ વખતે ગાંધીનગર (દ) નવો વિસ્તાર બન્યો હોવાથી અહિ ઉમેદવારોએ ટિકિટની માંગણી સૌથી વધુ કરી છે. આ બેઠક પર ૫૦ થી પણ દાવેદારોએ રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે.

ચૂંટણી પ્રચાર પૂર્વે...● અનુસંધાન પહેલાનું ચાલુ

લે તો તેમાં વાંધો શું હોઈ શકે તેવો પ્રશ્ન ગુજરાત ભાજપ પૂછી રહ્યું છે. ક્યા નેતાને ગુજરાતમાં બોલાવવા તે મોદીનો અધિકાર છે.

ગુજરાતમાં નિતીશકુમારની પાર્ટી ૭૫ ઉમેદવારો ઉભા રાખવાની છે અને ભાજપ સાથે ટીકીટ શેરીંગ કરવાની નથી ત્યારે નિતીશકુમાર ક્યા મોઢે ગુજરાત ભાજપનો પ્રચાર કરી શકે. બિહારમાં જદયુ અને ભાજપની સંયુક્ત સરકાર છે તેમ છતાં સ્ટાર પ્રચારકોની યાદીમાં બિહારના નેતાઓના નામ હોવાની સ્પષ્ટતા રાષ્ટ્રીય પ્રવક્તાએ કરી છે.

મોદીની સંઘના સુપ્રિમો અને અન્ય નેતાઓ સાથેની મુલાકાત મહત્વની બની રહે છે. કેમ કે ગુજરાતમાં સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ નિષ્ક્રિય બની રહ્યાં છે, આ સંજોગોમાં મોદી પરિષદના રાષ્ટ્રીય નેતાઓને પ્રચારમાં ઉતારી શકે છે. વિધાનસભાની ચૂંટણીમાં કોને ટીકીટ આપવી અને કોને સંગઠનમાં કામ સોંપવું તેની ગોઠવણ ચાલી રહી છે ત્યારે સંઘના નાગપુર કાર્યાલયની આ મુલાકાત દૂરંદેશી બની રહે તેમ મનાઈ રહ્યું છે.

સરકારી દવાખાનું સે-૨માં ખાનગી તબીબોને લાભ લેવા અને ઓરી રસીકરણ સફળ બનાવવા અપીલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સેક્ટર-૨ સરકારી દવાખાનામાં દર મહિનાના પ્રથમ અને ત્રીજા શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. વિરલ લુહાર તેમજ બાળ રોગ નિષ્ણાંત ડૉ. વિપુલભાઈ ચૌહાણ સેવાઓ આપે છે. આગામી તા. ૧લી નવેમ્બર ૨૦૧૨ને ગુરુવારે સવારે ૮ થી ૨ કલાક દરમિયાન ઓરીની રસી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

ઓરીની રસીકરણ કાર્યક્રમમાં સેક્ટર-૨ તેમજ આજુબાજના સેકટરો અને ગ્રામ્ય વિસ્તારના વસાહતીઓને લાભ લેવા સેક્ટર-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે ખાસ અપીલ કરી છે.

એકલા પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા સાથે પણ કેટલાક નેતાઓએ દૂરભાષ પર વાત કરી હોવાનું જાણવા મળેલ છે અને હાલ કોઈપણ ઉતાવળીયા નિર્ણયો નહિ કરવા સમજાવવાના પ્રયાસો કરાયા હોવાનું કહેવાય છે.

મેયરશ્રી રાણાએ તેમના નિકટના સાથીઓને સ્પષ્ટ જણાવ્યું છે કે તેઓ ભાજપના કોઈ આગેવાનો સાથે સંપર્કમાં નથી તે પક્ષમાં રહીને જ પક્ષને નુકશાન કરનારાઓ સામે લડત આપવા માંગે છે. દરમ્યાન આજે પ્રદેશ સમિતિ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના નિવેદનોને લઈ કાર્યવાહીની વિધિવત્ ઘોષણા થાય તેવા સંકેતો છે.

શબ્દાવલી - ૪૮૭૮

૧	૨		૩	■	૪		૫
૬		■	૭	૮		■	
	■	૯	■		■	૧૦	
૧૧			૧૨	■	■	૧૩	
■	■	■	૧૪	૧૫	૧૬		■
૧૭	૧૮		■	૧૯		■	૨૦
૨૧		■	૨૨			■	
૨૩		■	૨૪		■	૨૫	

આડી ચાવી

૧. ફૂરસદ, નવરાપણું (૪)
૪. શરૂઆત (૩)
૬. મસ્તી - આનંદ (૨)
૭. હરણની નાભિમાંથી નીકળતો સુગંધી પદાર્થ (૩)
૧૦. ક્ષેમકુશળ રહો તેવો ઉદ્‌ગાર (૨)
૧૧. સગવડ, વેતરણ (૪)
૧૩. મલાઈ (૨)
૧૪. સમજણ (૪)
૧૭. ચાલવું તે, અમલ (૩)
૧૯. ભય, બીક (૨)
૨૧. નિશાન તાકવાની જગ્યા (૨)
૨૨. તાપવા માટે સળગાવેલ અગ્નિ (૩)
૨૩. ૨૦ કિલોનું માપ (૨)
૨૪. બ્લેડને... પણ કહેવાય (૨)
૨૫. શુરાતન (૨)

ઊભી ચાવી

૧. ધૂણા (૪)
૨. જંગલ, રાન (૨)
૩. વહેમ (૨)
૪. નાની કરવતી (૨)
૫. ખૂબ હોવું તે, અતિશય (૪)
૮. સ્તોત્ર, પ્રાર્થના (૨)
૯. ભવિષ્યમાં થનારૂં (૨)
૧૦. પૂરૂં, સમાપ્ત (૩)
૧૨. જગત, દુનિયા (૨)
૧૫. તાડના પાનનું છાજ-છાજલી (૪)
૧૬. ચા ગાળવા... જોઈએ (૩)
૧૭. હુક્કો, ચીલમ (૩)
૧૮. ચિહ્ન, નિશાની (૩)
૨૦. કામદુ, ધનુષ (૩)
૨૨. ગરમી, ધામ (૨)

શબ્દાવલી ૪૮૭૭ના જવાબ

આડી ચાવી :- (૧) જબાન (૨) સારેવડા (૪) શાક (૫) બાક્સ (૮) રીવાજ (૧૦) રિવાજ (૧૦) તકમરીયા (૧૨) મેલા (૧૪) અલોપ (૧૫) એટલાસ (૧૭) ખેર (૧૮) રતવા (૧૯) ચીંકણુ (૨૦) રૂજ.

ઊભી ચાવી :- (૧) જજબાત (૨) સાકરીયા (૩) ડાકુ (૬) કકળાટ (૭) સમ (૯) જમેલો (૧૧) રીતસર (૧૩) લાપરવાહ (૧૪) અચરજ (૧૫) એલચી (૧૬) લાખેણું

વળતર... વળતર...
નવરાત્રી, ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ — દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ — પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

SANGHI CEMENT · KisaN · BENELAVE · R.FIXIT · VINAYAK 500 TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable ! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર · કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ · એપોલો · ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD · Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧